# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-09-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. રાજ્યની પહેલી અમૃત ભારત ટ્રેનનો સુરતથી પ્રારંભ - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશાથી વર્ચ્યૂઅલ માધ્યમથી પ્રસ્થાન કરાવ્યું
2. રાજ્યમાં બે મહિના બાદ અમૃત ભારત એક્સપ્રેસ સાપ્તાહિક ટ્રેન દૈનિક ધોરણે શરૂ કરાશે – કેન્દ્રીય રેલવે મંત્રીની જાહેરાત
3. પ્રધાનમંત્રીએ ઓડિશાથી ઑનલાઈન માધ્યમથી રાજ્યના ચાર હજાર જેટલા BSNLના ફોર-જી જોડાણનો પ્રારંભ કરાવ્યો
4. રાજ્ય પોલીસે 804 કરોડ રૂપિયાના આંતર-રાષ્ટ્રીય સાયબર ગુનાનો પર્દાફાશ કર્યો – સુરતથી 10 મુખ્ય આરોપીની ધરપકડ
5. અંબાજીના ચાચરચોકમાં ઐતિહાસિક એક હજાર 111 કન્યાનું વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન થતાં વિશ્વ વિક્રમ સર્જાયો
6. દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં આવતીકાલે અત્યંત ભારે વરસાદની આગાહી.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMRUT BHARAT TRAIN GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઓડિશાથી વર્ચ્યૂઅલ માધ્યમથી સુરતના ઉધનાથી રાજ્યની પ્રથમ અમૃત ભારત ટ્રૅનનું પ્રસ્થાન કરાવ્યું. આગામી પાંચમી ઑક્ટોબરથી નિયમિત કાર્યરત્ થનારી આ ટ્રૅન સુરતના ઉધનાથી ઓડિશાના બ્રહ્મપુર સુધી દોડશે. આ માટેનું બૂકિંગ શરૂ થઈ ગયું છે. આ પ્રસંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ ઉધના રેલવે મથક ખાતે ઉપસ્થિત રહ્યા.

ઓડિશાથી સંબોધન કરતા શ્રી મોદીએ કહ્યું, બ્રહ્મપુરથી સુરત સુધી આ ટ્રૅન શરૂ થતાં ઓડિશાના લોકોને લાભ થશે.

**(BYTE: NARENDRA MODI, PM) BRAHMPUR**

આ પ્રસંગે શ્રી વૈષ્ણવે કહ્યું, દેશના પાંચ રાજ્યને જોડતી આ ટ્રૅન સુરત અને ઓડિશા વચ્ચેના લોકોના સંબંધને વધુ મજબૂત બનાવશે. સાથે જ તેમણે અમૃત ભારત ઍક્સપ્રેસ સાપ્તાહિક ટ્રૅન બે મહિના બાદ દૈનિક ધોરણે શરૂ કરાશે તેવી જાહેરાત પણ કરી.

-------------

# ASHWINI VAISHNAW BULLET TRAIN

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સુરતની મુલાકાત દરમિયાન બૂલેટ ટ્રૅન પરિયોજનાનું નિરીક્ષણ કરવા સારોલી પહોંચ્યા હતા. તેમણે

આજે રેલવે મથક અને ટ્રેકનું નિરીક્ષણ કર્યા બાદ જણાવ્યું  બુલેટ ટ્રેનનો પહેલો ભાગ સુરતથી બિલિમોરા સુધી શરૂ થશે.

**(BYTE: ASHWINI VAISHNAW, UNION RAILWAY MINISTER) – BILIMORA BYTE**

-------------

# BSNL JUBILEE GANDHINAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશાથી ગુજરાતના ચાર હજાર સહિત દેશભરના 92 હજારથી વધુ સ્વદેશી ભારતીય સંચાર નિગમ લિમિટેડ – BSNLના ફોર-જી નેટવર્કનો પ્રારંભ કરાવ્યો.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો આ ઉદ્ઘાટન સમારોહ યોજાયો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ BSNLની રજત જયંતિ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવતા કહ્યું,  ફોર-જી થાંભલાથી દેશવાસીઓને મોટી ભેટ મળી છે. તેનાથી 11 હજારથી વધુ ગામડાને ફોર-જી મૉબાઈલ સેવાનો લાભ મળશે.

**(BYTE: BHUPENDRA PATEL, CM  BSNL )**

રાજ્યમાં કાર્યરત્ થયેલા ફોર-જી થાંભલામાંથી 600થી વધુ થાંભલા અતિદુર્ગમ, અંતરિયાળ, પર્વતીય અને આદિવાસી વિસ્તારમાં કાર્યરત્ થશે. તેનાથી છેવાડાના વિસ્તારને પણ સ્વદેશી ફોર-જી સેવા મળશે.

-------------

## SANGHAVI ON CYBER FRAUD

રાજ્ય પોલીસે સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને પાંચ કરોડ 51 લાખ રૂપિયાથી વધુની રકમ પરત અપાવી છે. સાથે જ 804 કરોડ રૂપિયાના આંતર-રાષ્ટ્રીય સાયબર ગુના સમૂહનો પર્દાફાશ કર્યો છે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્ય પોલીસ દુબઈ, વિએતનામ અને કમ્બોડિયાથી સંચાલિત થતા એક વિશાળ સમૂહની માહિતી સામે લાવી છે. આ કાર્યવાહીમાં સુરતથી 10 મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

**(BYTE: HARSH SANGHAVI, HOME MINISTER) CYBER FRAUD**

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..................................

# NAVRATRI GARABA

**(...ગરબા મ્યૂઝિક...)**

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ નવરાત્રિના પાંચમા નોરતે આજે માઁ દુર્ગાના પાંચ-મા સ્વરૂપ સ્કંદમાતાની પૂજા-અર્ચના કરાય છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી શક્તિપીઠમાં આજે એક સાથે એક હજાર 111 કન્યાનું વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન કરાતાં વિશ્વવિક્રમ સર્જાયો.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના બનાસકાંઠાના અંબાજી એકમ દ્વારા યોજાયેલા કાર્યક્રમ બાદ આ તમામ કન્યાઓને ભેટ સ્વરૂપે ચણિયાચોળી અને શ્રૃંગારની સામગ્રી અપાઈ. મંદિરના ચાચર ચોકમાં પહેલી વાર બનેલા આ ઐતિહાસિક પ્રસંગને ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળતાં વિશ્વ વિક્રમનું પ્રમાણપત્ર પણ એનાયત કરાયું છે.

ભાવનગરમાં શક્તિધામ ભંડારિયામાં આઠમ નિમિત્તે હવન યોજાશે. બહુચરાજી મંદિર ટ્રસ્ટ દ્વારા હવનની તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે.

નર્મદામાં રાજપીપળા ખાતે નવરાત્રિ નિમિત્તે 425 વર્ષ પૌરાણિક પ્રાચીન હરસિદ્ધિ માતાજીના મંદિરે આરતીમાં ભક્તોની ભારે ભીડ ઉમટી છે. નવરાત્રિના નવ દિવસ માતાજીની છ સવારીનાં દર્શન થાય છે.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં ટ્રસ્ટ દ્વારા આવતીકાલ સુધી નવરાત્રિ ગરબા ઉત્સવનું આયોજન કરાયું છે. ચોપાટી મેદાન ખાતે

યોજાયેલા મહોત્સવમાં પ્રસિદ્ધ કલાકારો રાત્રે નવથી 12 વાગ્યા સુધી ગરબાની રમઝટ બોલાવી રહ્યાં છે.

**(...ગરબા મ્યૂઝિક...)**

-----------

# WEATHER FORECASTT

હવામાન ખાતાએ 30 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં આવતીકાલે છૂટાછવાયા સ્થળ પર અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે અમરેલી, ભાવનગર, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગમાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની સંભાવના છે.

તો કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિદ્વારકા અને પોરબંદર સિવાયના જિલ્લામાં આવતીકાલે ભારે વરસાદ થઈ શકે છે. દરમિયાન રાજ્યમાં આજે નહીંવત્ વરસાદ નોંધાયો છે. તો માછીમારોને પહેલી ઑક્ટોબર સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

-------------

# JAMNAGAR-RAGHAVJI PATEL

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જામનગરના વાવ બેરાજા ગામમાં 17 લાખ રૂપિયાના ખર્ચે નવા ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે ગામડાઓનો સર્વાંગી વિકાસ કરવા સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું.

સરકાર શિક્ષણ, ખેતી અને માર્ગ જેવી પાયાની સુવિધાઓ સુધારવા માટે પૂરતું અનુદાન આપી રહી છે. ઉપરાંત, ખેડૂતોને આર્થિક નુકસાન ન થાય તે માટે ખાતર, સિંચાઈ વગેરે જેવી સુવિધાઓમાં તેમજ ટેકાના ભાવે જણસની ખરીદી કરી તેમને મદદરૂપ થઈ રહી છે.

-------------

# SWACHCHTA HI SEWA OVERALL

સ્વચ્છતા હી સેવા પખવાડિયા અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. ત્યારે નવસારીના ગણદેવીમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં આજે સ્વચ્છતા હી સેવા અંતર્ગત વિવિધ કામના ખાતમુહુર્ત, ઇ- લોકાર્પણ, અને પોષણ માહ નિમિતે પોષણ ઉત્સવ સાથે ભૂલકા મેળો યોજાયો હતો.

આ પ્રસંગે શ્રી પાટીલે નવસારીને રાષ્ટ્રીય કક્ષાએ જળસંચયના કામો થકી 25 લાખનાં પ્રોત્સાહક ઇનામ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

પંચમહાલના ગોધરાના તમામ સાત ડેપો દ્વારા જિલ્લા અને તાલુકાની NSS અને શાળાના વિદ્યાર્થીઓને સાથે રાખીને સ્વચ્છતા અંગે જાગૃતિ રેલીઓ યોજી હતી.

-------------

# CHHOTA UDEPUR POOL LOKARPAN

છોટાઉદેપુરના નસવાડી તાલુકાના ફૂકાવટી ગામ પાસે અશ્વિન નદી પર છ કરોડ 82 લાખ રૂપિયાના ખર્ચે નવા બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે સાંસદ, ધારાસભ્ય, અન્ય ભાજપના હોદ્દેદારો સહિતના લોકોએ ઉજવણી કરી હતી.

-------------

# GUJARAT HIGH COURT

ગુજરાત વડી અદાલત ખાતે મધ્યસ્થી એટલે કે, ઑર્બિટ્રેશન કાયદા પર ગુજરાત વિષય પર બે દિવસનો મનોમંથન કાર્યક્રમ યોજાયો હતો. વડી અદાલતની આ ઐતિહાસિક પરિષદમાં મહાનુભાવોએ મધ્યસ્થી સંબંધિત કાયદા પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. પરિષદમાં મુખ્ય અતિથિ તરીકે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ એન. વી. અંજારિયા, ગુજરાત વડી અદાલતનાં મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગરવાલ સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સુશ્રી અગરવાલે પરિષદને

રાજ્યમાં મધ્યસ્થીની કાયદાકીય પ્રક્રિયા આગળ વધારવા માટેનું એક મહત્વનું સીમાચિહ્ન ગણાવ્યું.

-------------

# POSHAN UTSAV

પોષણ ઉત્સવ ૨૦૨૫ અંતર્ગત સંકલિત બાળ વિકાસ વિભાગ દ્વારા છોટાઉદેપુરની આંગણવાડીઓમાં આંગણવાડી કાર્યકર અને મુખ્ય સેવિકા દ્વારા બાળકોના પોષણ અને સારસંભાળ માટે વાલીઓ સાથે પોષણ ચોપાલનું આયોજન કરાયું. દરમિયાન વાલીઓને જાગૃત કરાયા. આંગણવાડી પર બાળકોના પોષણ અને સાર સંભાળની વાલી સાથે કાઉન્સેલિંગ અને વાનગી નિદર્શન કરવામાં આવ્યું હતું.

-------------